## જન્મદિને વધામણી



પર્વ કેયુર શાહ
ફોન : ૨૩૨૨૩૬૯૧

## મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા ખાતે વાર્ષિક ઈનામ વિતરણ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૮

મહર્ષિ અત્રિ માધ્યમિક શાળાનો વાર્ષિક ઈનામ વિતરણ સમારોહ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો, જેમાં વર્ષ દરમિયાન આયોજિત વિવિધ પ્રવૃત્તિઓ ઉપરાંત અભ્યાસમાં અગ્રતાક્રમ પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓને ઈનામો તેમજ પ્રમાણપત્રો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. ઈનામ તેમજ પ્રમાણપત્ર મેળવનારા દરેક વિદ્યાર્થીને શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## હવે ડાયેટ ટિફીન ગાંધીનગરમાંય મળશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાં હવે દરેક પ્રકારના અસાધ્ય રોગો મટાડવા માટે ડાયેટ ટિફીનનો આરંભ કરવામાં આવ્યો છે. કડવા પાટીદાર સમાજ, ગાંધીનગરના શિક્ષણ સમિતિ ચૅરમૅન શિવાભાઈ જે પટેલે આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે શ્રી રામ ફાઉન્ડેશન સંચાલિત ઍનબીપી હૅલ્થ સૅન્ટર શાહીબાગ, અમદાવાદ રાહતના દરે રોગમુક્ત કરાવે તેવું અમૃત ભોજનવાળું ટિફીન ઘરે પહોંચાડવાની સેવા આપે છે.

ગાંધીનગરમાં વસતાં નગરજનો પણ આ સેવાનો લાભ લઈ શકે છે. આ માટે મોબાઈલ નંબર ૯૯૭૮૪ ૫૫૧૯૦ અથવા ફોન નં. ૨૩૨૪૨૦૧૫ ઉપર સંપર્ક કરી ટિફીન નોંધાવવાનું રહેશે.

ટિફીન નોંધાવવા તેમજ સંજીવની (એનીમા) પોટ લેવા માટેનો સમય સાંજના ૫.૦૦થી ૭.૦૦ કલાક દરમિયાનનો રહેશે એમ તેમણે વધુમાં જણાવ્યું છે.

# સૅક્ટર-૨૪/૧ સરકારી પ્રાથમિક શાળા ખાતે વાર્ષિકોત્સવ ઉજવાયો



ગાંધીનગર, તા. ૮

સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૨૪/૧ ખાતે શુક્રવારે વાર્ષિકોત્સવ ઉજવવામાં આવ્યો હતો, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ૮૦ જેટલા વિદ્યાર્થીઓએ પોતાના પરફોર્મન્સ દ્વારા સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ મરાઠી ડાન્સ, રાજસ્થાની ડાન્સ, અંગ્રેજી કાવ્યો, સ્વાગત ગીત, દેશભક્તિ ગીત, એકપાત્રિય અભિનય, વેશભૂષા, સોલો ડાન્સ જેવી વિવિધ કૃતિઓ રજૂ કરી હતી.

આ કાર્યક્રમમાં બાળકોના વાલીઓ, ઍસઍમસીના સભ્યો, નગરસેવક સુરેશભાઈ મહેતા, પૂર્વ આચાર્ય તથા શિક્ષકોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમ બાદ વર્ષ દરમિયાન શાળામાં થયેલવ વિવિધ ઍક્ટીવિટી જેવી કે ચિત્ર હરિફાઈ, રંગોળી હરિફાઈ, મહેંદી હરિફાઈ, બાગકામ, સ્વચ્છતા, રમતોત્સવ જેવી કામગીરીમાં વિશિષ્ટ યોગદાન આપનાર વિદ્યાર્થીઓને શાળા પરીવાર તરફથી ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે તારીખ ૧લી જૂન, ૨૦૧૭ના રોજ પાંચ વર્ષ પૂર્ણ કરનારાં બાળકોને ધોરણ-૧માં પ્રવેશ આપવાની જાહેરાત પણ કરવામાં આવી હતી. આચાર્ય અને સ્ટાફ પરિવારના સહકારથી સમગ્ર કાર્યક્રમ સફળતાને વર્યો હતો.

# સૅક્ટર- ૨૦/૧ શાળા ખાતે વાર્ષિકોત્સવ અને વિદ્યાર્થી વિદાય સમારંભ યોજાયો



ગાંધીનગર, તા. ૮

સેકટર-૨૦ ખાતે આવેલી સેકટર ૨૦/૧ પ્રાથમિક શાળામાં શુક્રવારે વાર્ષિકોત્સવ યોજાઈ ગયો. વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે એસ.એમ.સી.ના સભ્યો અને વાલીઓએ નૃત્ય, સંગીત અને નાટક જેવા નાવિન્યસભર કાર્યક્રમોને ઉત્સાહભેર માણ્યા. ધોરણ એકથી આઠના બાળકોએ વિવિધ કૃતિઓ રજૂ કરી. માતૃભાષાનું મહત્વ સમજાવતું નાટક સૌ કોઈની આંખો પખાળી ગયું. તેનું સૂત્ર હતું- 'અંગ્રેજી કે બીજી કોઈ પણ ભાષા શીખવાની પહેલી શરત એ છે કે તમે તમારી માતૃભાષા ગૌરવપુર્ણ રીતે બોલી શકવા જોઈએ.' પ્રાસંગિક પ્રવચનમાં શાળાનાં આચાર્ય કૈલાસબહેન ગામેતીએ એ જણાવ્યુ કે જ્ઞાન સાથે કળા થકી વિદ્યાર્થીઓની પ્રતિભા બહાર આવે છે. વિદાય લેતા ધોરણ આઠના વિદ્યાર્થીઓએ પોતાના આઠ વર્ષના અભ્યાસકાળના ખટ્ટમીઠા અનુભવો વર્ણવ્યા. જેમા ધોરણ આઠની વિદ્યાર્થિનીએ જણાવ્યુ કે હુ પહેલા ધોરણમા અહી આ શાળામા આવી ત્યારે શાળામા આવવું નહોતું એટલે રડતી હતી અને આજે હવે શાળામાંથી જવુ પડે છે એટલે રડું છું. તેની આંખોના આંસુથી સમગ્ર શાળા ભાવુક બની ગઈ. વાતાવરણને હળવું કરવા શાળાના એક શિક્ષીકાબહેને મરક મરક હસતાં કહ્યુ કે, 'તમે કહો તો આઠમું નાપાસ કરીને તમને અહીં જ રાખી લઈએ.' વિદ્યાર્થીની આંસુભરી આંખે 'ના-ના' કહેતી હસી પડી અને વાતાવરણમાં હળવાશ ફેલાઈ ગઈ. શાળા પરિવારે કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ મહેમાનો પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

## ડાયરેક્ટ ❤ સે

બધાં જ સાંભળશે
તમારા વિચારો
ઊંચા કરો
અવાજ નહીં

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૩**
બાહુબલિ
૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
મિર્ઝા જુલિયટ
સવારે ૧૦.૦૦, ૩.૩૦, ૧૦.૦૦
લલ્લી કી શાદી મેં લડ્ડુ દિવાના
૧.૦૦

**સ્ક્રીન-૫**
મિર્ઝા જુલિયટ
૧૨.૩૦
નામ શબાના
૩.૩૦, ૬.૩૦, ૯.૪૫

# શ્રી નાગરવેલ હનુમાન મંદિર દ્વારા હનુમાન જયંતિએ વિશેષ કાર્યક્રમો



ગાંધીનગર, તા. ૮

અમદાવાદના અમરાઈવાડી-રખિયાલ રોડ ઉપર આવેલ પ્રાચીન શ્રી નાગરવેલ હનુમાન મંદિર ખાતે ચૈત્ર સુદ પુનમ, તા. ૧૧ એપ્રિલ ને મંગળવારના રોજ શ્રી હનુમાન જયંતિ નિમિત્તે ભવ્ય ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

સવારે ૬ વાગે ઉત્થાપન આરતી અને ત્રિયંજન, ૮-૩૦ વાગે ધ્વજારોહણ, ૯થી ૧૨ મનોજ પુજારીજીના મુખારવિંદે સુંદરકાંડના પાઠ, બપોરે ૧૨થી ૧૨.૩૦ કલાકે હનુમાન જન્મોત્સવની ઉજવમી અને ભજન-કીર્તન તથા છપ્પનભોગ ધરવામાં આવશે. બપોરે ૧થી ૪ મહાપ્રસાદી વિતરણ (ભંડારો), સાંજે ૭થી ૧૦ દરમિયાન વિભિન્ન ભજન મંડળીઓ દ્વારા ભજન સંધ્યાના આયોજનની સાથે મંદિરના મહંત રંગનાથાચાર્યજી મહારાજ ભાવિક ભક્તોને પ્રવચન દ્વારા શ્રી હનુમાનજી મહત્તાનું રસપાન કરાવશે. બપોરે પાંચથી સાત દરમિયાન મારૂતિ મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે તેમજ રાત્રે ૮.૩૦ કલાકે શ્રી નાગરવેલ હનુમાન દાદાની ૧૧૦૦૦ દીવડાની ભવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે. સૌ ભાવિક ભક્તોને આ ધાર્મિક પ્રસંગોનો લાભ લેવા માટે મંદિર તરફથી હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર ખાતે શુભેચ્છા સમારોહ

ગાંધીનગર, તા. ૮

શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદમેં પલતે હૈં. ચાણક્યના આ વિધાનને સાર્થક કરે તેવાં નૂતન શિક્ષકો તેયાર કરતી પૂ. ઈન્દુમતિબેન શેઠ સ્થાપિત શ્રીમતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર ખાતે ભાવિ શિક્ષકોને પ્રેરણા અને પ્રોત્સાહન આપવા શુભેચ્છા સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આયોજિત સમારોહના અધ્યક્ષ તરીકે ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી ઍસ ઍમ બારડ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના અધ્યક્ષીય પ્રવચનમાં જણાવ્યું હતું કે જે ભૂમિ પર દીકરીઓ છાત્રાલયમાં રહીને ભણતી હોય છે તે ભૂમિમાં વિશિષ્ટ પ્રકારની ઊર્જા હોય છે. આ ઊર્જા લેવા હું આવી સંસ્થામાં આવું છું. લગ્નના ત્રણ ફેરામાં પુરૂષની પાછળ રહેનારી સ્ત્રી ચોથા મોક્ષના ફેરામાં આગળ રહી હંમેશાં તે પુરૂષો માટે પ્રેરણાસ્ત્રોત રહી છે તેમ જણાવી બહેનોને પ્રગતિના પથ પર આગળ વધવા તેમણે શુભાશિષ પાઠવ્યા હતા.

સંસ્થાનાં આચાર્ય સુરેખાબેન ચૌધરીએ મહેમાનોને ઉમળકાભેર આવકારી સંસ્થાનિ વાર્ષિક પ્રવૃત્તિઓનો ચિતાર રજૂ કર્યો હતો. અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત પીઍચજી મ્યુનિ. આટ્ર્સ કૉલેજ, કલોલના પ્રૉ. અમૃતભાઈ ચૌધરીએ દીકરીઓના સર્વાંગી વિકાસ માટે સંસ્થામાં થતી સઘન પ્રવૃત્તિઓને પોતાના અનુભવને આધારે મૂલવી હતી. સંસ્થાની પવિત્ર ભૂમિ અને દિવ્ય વાતાવરણમાં રહેલી અખૂટ શક્તિનો ઉત્તમ ઉપયોગ કરી કર્મઠ શિક્ષક બનવાની શુભેચ્છાઓ તેમણે વિદ્યાર્થીનીઓને આપી હતી.

બે વર્ષ દરમિયાન અહીં રહેવાથી પ્રશિક્ષણાર્થીઓના વ્યકિતત્વ વિકાસમાં થયેલ પરિવર્તન અને લીધેલ ઉત્તમ તાલીમનાં સંસ્મરણો બીજા વર્ષની પ્રશિક્ષણાર્થી નિલ્પા અને દષ્ટિએ વાગોળ્યાં હતાં. આ સાથે સંસ્થામાં હાથ ધરાતી વિવિધ પ્રવૃત્તિઓનો વાર્ષિક અહેવાલ તથા વિવિધ હસ્તલિખિત અને સંકલિત અંકોનું પણ મહેમાનોના હાથે વિમોચન કરવામાં આવ્યું હતું. રાજ્ય કક્ષાએ રમતગમતમાં ઉત્તમ સિદ્ધિ મેળવનાર બહેનોને પણ મૅડલ અને સર્ટિફિકેટ અતિથિઓના હસ્તે અર્પણ કરવામાં આવ્યાં હતાં.

# આત્મસ્થ મનુષ્યનું ઉન્નત ઉદાહરણ : મહાવીર સ્વામી



જૈનોના છેલ્લા (ચોવીસમા) તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીનો જન્મ બિહારના પટણા પાસેના વૈશાલી નગરમાં જન્મેલા તેથી તેઓ 'વૈશાલિક' ના નામે પણ જાણીતા છે. ભગવાન બુધ્ધને પણ આ વૈશાલી નગર પ્રિય હતું. સુર્યવંશી ક્ષત્રિય રાજા સિધ્ધાર્થ અને પટરાણી ત્રિશલાની કૂખે જન્મ લેનારા આ કુંવરનું બાળપણનું નામ 'વર્ધમાન' હતું. શરીરે ભરાવદાર, ઊંચા અને સુંદર દેખાતા આ રાજકુંવરમાં નાનપણથી જ શક્તિ, વીરત્વ એમના રોમેરોમમાં હતાં. જ્ઞાનક્ષેત્રમાં પણ તેઓ સદાય અગ્રેસર રહ્યાં. રાજારાણી બંને પાશ્વનાથ ભગવાનના ભક્ત. એટલે વર્ધમાનનો નાનપણથી જ ત્યાગ, તપસ્યા, વ્રત, સંકલ્પોવાળું સંયમશીલ અને ધર્મથી ભરપૂર વાતાવરણમાં ઉછેર થયેલો. નાનપણથી જ વૈરાગ્યપ્રિય અને સ્વ-ચિંતન કરતા હોવાથી સંન્યાસ એમના જીવનનું લક્ષ્ય હતું. પણ માતાના સંતોષાર્થે રાજપુત્રી યશોદા સાથે લગ્ન કર્યું. અને પ્રિયદર્શના નામની એક પુત્રી થઈ. માતાપિતાના અવસાન બાદ શરીર પર માત્ર એક વસ્ત્ર રાખી પોતાની સર્વ સંપતિનું દાન અને કેશલોચન કરી ત્રીસ વર્ષની ઉંમરે મહાવીરે સંસારનો ત્યાગ કરી કોઈના પર ક્રોધ ન કરવાનો અને ક્ષમાને પોતાનું જીવનવ્રત ગણવાના નિશ્ચય સાથે તપ કરવા ચાલી નીકળ્યા. ૧૨ વર્ષ સંયમી જીવનમાં તેઓ ખુલ્લા પગે અને નિર્વસ્ત્ર ફરતાં અને પોતાના ખોબામાં જેટલું આવે તેટલું જ ખાતા. આ બાર વર્ષમાં તેમણે નૈસર્ગિક વિટંબણાઓ, હિંસક પ્રાણીઓ તરફથી ભારે આપત્તિઓ, પરપીડનમાં આનંદ પામનારાઓ લોકો તેમને મારતા, ભૂખ્યા રાખતા, એમની ઉપર કુતરા છોડતા, સાધનામાં વિઘ્ન નાખતા પણ વર્ધમાન પરાક્રમી હોવા છતાં એમણે ક્રોધને જીત્યો અને શક્તિમાન છતાં ક્ષમાશીલ થયા, તેથી એમનું નામ ' મહાવીર ' પડ્યું. એમનું જીવન તપશ્ચર્યાનું ઉગ્રમાં ઉગ્ર સ્વરૂપ કેવું હોઈ શકે, સત્યને શોધવા માટે મુમુક્ષુની વ્યાકુળતા કેટલી તીવ્ર હોય, સત્ય, અહિંસા,ક્ષમા, દયા, જ્ઞાન અને યોગનો વ્યવસ્થિત ઉપયોગ તેમજ અપરિગ્રહ, શાંતિ, દમ, ઈત્યાદિ દૈવી ગુણોનો ઉત્કર્ષ કેટલે સુધી સાધી શકાય, તથા ચિત્તની શુદ્ધિ કેવા પ્રકારની થવી જોઈએ, એના ઉત્તમ દષ્ટાંત રૂપે છે. સર્પ અને વાઘ જેવા પ્રાણીઓ એમની અહિંસાવૃત્તિના પ્રભાવ તળે આવી વેરભાવ છોડી દેતા. તેમણે પાંચ વ્રતો ધારણ કાર્ય હતાંઃ ૧. જ્યાં બીજાને અપ્રીતિ થાય ત્યાં વસવું નહીં; ૨. જ્યાં રહેવું ત્યાં સદા કાયોત્સર્ગ કરીને રહેવું; ૩. સામાન્ય રીતે મૌન રાખવું; ૪. હાથમાં જ ભોજન કરવું; અને ૫. ગૃહસ્થનો વિનય કરવો. જ્યારે છ પ્રકારના બાહ્ય તપ જેવા કે ઉપવાસ, આહારમાં બે-ચાર કોળિયા ઊણા રહેવું, આજીવિકાનો નિયમ, રસત્યાગ, શીતોષ્ણોદિ સમવૃત્તિથી સહેવાં અને સ્થિરાસને રહેવું અને પ્રાયશ્ચિત, ધ્યાન, સેવા, વિનય, કાયોત્સર્ગ અને સ્વાધ્યાય એ છ પ્રકારના અભ્યન્તર તપ કરવાનું તેમણે કહ્યું. તેઓ કહેતા કે જે વસ્ત્ર કે શૃંગાર જોનારના હૃદયને વિચલિત કરી એવાં વસ્ત્ર-શૃંગાર સભ્ય લોકોનાં નથી, સભ્યતા એજ વ્યક્તિની સાચી ઓળખ છે. તેમના અમૃત વચનો ખૂબ જ જાણીતા છે. એક વચનમાં તેમણે કીધું છે કે ' બીજાની સાથે એવો વ્યવહાર ક્યારેય ન કરો જે આપણને પણ ન ગમતો હોય. ' ભગવાન મહાવીરનું કહેવુ હતું કે કોઈ આત્માની સૌથી મોટી ભૂલ પોતાના અસલી રૂપને ન ઓળખવુ છે અને આ ફક્ત આત્મજ્ઞાન દ્વારા જ પ્રાપ્ત કરી શકાય.

જૈનોમાં મહાવીરની ઉપાસનાના બે રીતે કરાય છે. જે વસ્ત્ર સહિત મહાવીરની ઉપાસના કરે છે તે શ્વેતાંબર અને જે નિર્વસ્ત્ર ઉપાસના કરે છે તે દિગંબર. ૭૨ વર્ષનીઉમરે, તેઓ બિહારના પાવાપુરીમાં દિવાળીના દિવસે નિર્વાણ પામ્યા. આ દિવસે તેઓને મોક્ષ પ્રાપ્તિ થઈ હોવાથી જૈનો ઉસ્તવ મનાવે છે. એમના નિર્વાણ કાળથી જૈન લોકોની વીર સંવત ગણવામાં આવે છે. જે વિક્રમ સંવત કરતાં ૪૭૦ વર્ષ જુની છે.

- સતીષદાન ચારણ , આર ડી ગાંધી

# સદાબહાર પાર્શ્વ ગાયકો તલત મેહમુદ, કિશોરદા અને હેમંતદાનો ત્રિવેણી સંગમ : 'સુનહરી યાદેં'











પદ્મવિભુષણ અને ગઝલના બેતાજ બાદશાહ તલત મહમુદના મખમલી અવાજને પેશ કરવો એ કોઈપણ કલાકારને માટે પડકારરુપ ગણાય. પરંતુ સુરોજિત ગુહાના પહેલા જ ગીતની પહેલી જ પંક્તિ 'અય મેરે દિલ કહીં ઓર ચલ... ગમકી દુનિયાસે દિલ ભર ગયા'...જેવી કાને પડી, પ્રેક્ષકોએ તાળીઓના ગડગડાટથી કલાકારને વધાવી લીધો, જે શંકર જયકિશનની બંદીશ હતી. એ પછીના ગીત 'મૈ દિલ હું એક અરમાન ભરા' કે જે રોશને અનહોની ફિલ્મ માટે સંગીતબધ્ધ કરેલ, સુરોજીતે તલત મહમૂદ નો માહોલ પુર્ણ સ્વરૂપે જમાવી દિધો. આ બન્ને ગીતોનો પ્રખ્યાત બિનાકા ગીતમાલા ના સૌથી પહેલા પ્રોગ્રામ (૧૯૫૩) માં સમાવેશ થયેલ, જેમાં પહેલાં નવ ગીતોમાંથી પાંચ ગીતો તલત ના હતા. આજે પણ આ ગાયેલા આ બે ગીતોની પ્રસ્તુતિ એટલી સુંદર રહી કે બે માંથી ક્યા ગીતને વધારે વધાવવુ, એ શ્રોતાઓ માટે મીઠી મુંઝવણ બની રહી.

એ પછી 'સીનેમે સુલગતે હે અરમાં', આશિયાના ફિલ્મનુ, આનલે ગાયેલ ટૅંડમ સૉંગ 'મેરા કરાર લેજા, દમ ભર તો પ્યાર કરજા', 'જાયે તો જાયે કહાં', ૧૯૫૬માં બનેલ 'છાયા' ફિલ્મનું સલીલ ચૌધરી ના સંગીત નિર્દેશનમા ગાયેલુ , આ યુગલ ગીત 'ઈતના ના મુજસે તૂ પ્યાર બઢા', ફિલ્મ 'ફૂટપાથ'નું ગીત, જેની બંદિશ ખૈયામે તૈયાર કરેલ 'શામે ગમ કી કસમ', ગીતકાર શકિલ બદાયુનીની રચના જે નૌશાદે 'બાબુલ' ફિલ્મ માટે સ્વરબધ્ધ કરેલ, તે હેમંતદા અને તલત મેહમૂદે બન્નેના અવાજમાં ગાયેલ ગીત 'મિલતે હી આંખે દિલ હુઆ દિવાના', 'સંગદિલ' ફિલ્મનુ 'યે હવા યે રાત યે ચાંદની', અનિલ બિશ્વાસની બંદીશમાં રચાયેલું યુગલ ગીત ' રાહી મતવાલે', મદન મોહનના સંગીતમાં 'યે નઈ નઈ પ્રીત હૈ', એસ.ડી. બર્મનની સંગીત રચના 'જલતે હૈ જિસકે લીયે...'ની રજુઆતે શ્રોતાઓને આંખો બંધ કરી માણવા, ગુંજારવ કરવા માટે મજબુર કરી દિધા.

આ તબક્કે જ્યારે તુષારજીએ જાહેરાત કરી ત્યારે જ ખબર પડી કે મખમલી અવાજના દોર સાથે અડધો કાર્યક્રમ તો પુરો થયો. બીજો દોર પણ ઘેરા અવાજના માલિક હેમંતદા' નો હતો.

વધુ થોડાં સુમધુર ગીતો પછી કાર્યક્રમ તેના ત્રીજા દોરમાં પ્રવેશ દ્વારે આવી ઉભો. અને એને ગીતોના સેતુથી જોડવા, આનલે 'ઝુમ ઝુમ ઢલતી રાત' ગીત કે જે 'કોહરા' ફિલ્મનું હેમંતદા' દ્વારા સ્વર નિયોજીત લતાના સ્વરમાં કાબિલેદાદ ગાઈ, રહસ્યમય રાતનું નિર્માણ કરી દીધું. એ પછી કાર્યક્રમની અંતિમ પ્રસ્તુતિ જવાની દિવાનીનુ 'જાને જા, ઢૂઢંતા ફિર કહા...' નો નશો કે જે શ્રોતાઓ ઘેર પહોંચી નિદ્રાધીન થયા ત્યાં સુધી દિલોદિમાગ પર છવાઈ રહ્યો. 'સુનહરી યાદેં' ની યાદ તો અમિટ છાપ છોડી જાય એવો કાર્યક્રમ રહ્યો.

ગાંધીનગરમાં કલા તથા સંગીતને રજુ અને સંવર્ધિત કરનારી ગણી ગાંઠી સંસ્થાઓમાંની એક એટલે 'કલા ગુર્જરી'. આજે જ્યારે એ અગિયારમાં વરસમા પ્રવેશ કરે છે, ત્યારે સાંસ્કુતિક નગરી ગાંધીનગરમાં કલા ગુર્જરીનો ચાહક વર્ગ આજે પણ વધતો જ રહ્યો છે. કારણકે આ સંસ્થા દ્વારા રજુ થતાં કાર્યક્રમો ચીલચાલુ નહિ, પણ હમેશા અલગ રહ્યા છે. સુરોજિત ગુહાની ચાહના એટલી તીવ્ર રહેલી છે કે એક કાર્યક્રમ પૂરો થાય, ત્યાં બીજા વર્ષે એમના કાર્યક્રમની માંગ થતી જ રહેતી હોય છે, પણ નીત નવા કાર્યક્રમો જ જેની પરંપરા રહી છે, એ સભ્યોની માંગ સંતોષે છે, પણ એક નવા જ સુરોજીત થી. તલત મહમૂદનું એક ગીત ગાવું એ અલગ વસ્તુ છે અને એનો આખો કાર્યક્રમ રજુ કરવો એ જુદી બાબત છે. સુરોજીતને ઈશ્વરીય દેણ છે કે એ ત્રણ ત્રણ કલાકારોના અવાજ ને બખુબી ભાવથી રજુ કરે છે. વળી એ પોતે પોતાના સ્ટુડીઓમાં જ મુળ કલાકારો ને બોલાવી, ફિલ્મી ગીતોના અસલ ટ્રેક બનાવડાવે છે, ક્યારેક તો કલાકારના લાઈવ કન્સર્ટમાં જો વધારે સારો ટ્રેક હોય તો એવો ટ્રેક પણ બનાવડાવે છે. એ બંગાળી છે, પણ કર્મભુમિ ચેન્નઈ છે અને ગીતો હિંદી ગાય છે. એક અનોખો ત્રિવેણી સંગમ. આનલ પણ કોઈ પણ મહિલા કલાકારના કંઠને, ચાહે લતા હો કે આશા હો કે શમશાદ હો કે સુરૈયા એકદમ સહજતાથી એના અવાજને આત્મસાત કરી સુંદર રીતે ગાઈ શકે છે. સંસ્થાના પ્રમુખે આટલા વરસો સુધી મળેલા સાથ સહકાર બદલ સૌ કલારસિકોનો આભાર માન્યો અને નવા વધારે સારા કાર્યક્રમોનું આયોજન કરવા, નવા વર્શે વધુ નવા સભ્યો બનાવવા આગ્રહ કરેલ. સંસ્થાના પેટ્રન શ્રી મહેંદ્ર ત્રિવેદીએ પણ આજ સુધીના કાર્યક્રમો વિશે, સંસ્થા દ્વારા ઉજવાતા ગાંધી જયંતી કાર્યક્રમ અંગે, આવતા વરસના કાર્યક્રમો, સુરોજીત ગુહા, આનલ વસાવડા, તુષાર જોષી વિ. અંગે રોચક વકત્વ્ય આપેલ. આભાર વિધિ શ્રી પ્રદીપસિંહ બિહોલાએ કરેલ. કલા ગુર્જરી હજુ ઉતરોત્તર સારા પ્રોગ્રામ આપતી રહે, એવી શુભેચ્છા....

- અશોક ત્રિવેદી